- ગુજરાતી વિષય પ્રત્યે લગાવ થતા પર્યાવરણ, સા.જ્ઞા. જેવા અન્ય વિષયમાં તથા ગુજરાતી ભાષામાં લખાયેલા લેખ, વાર્તા પણ લખતા વાંચતા થયા.

❖ **અવલોકન :**

- વ્યક્તિગત ધ્યાન અને યોગ્ય માર્ગદર્શન સાથે ધીરજ રાખી સતત પ્રયત્ન કરવામાં આવે તો અભ્યાસમાં કાચા વિદ્યાર્થીઓ પણ પાકા બની શકે છે.
- વાલીને પણ શિક્ષક પ્રત્યે માન ઉપજે છે. તેમણે કરેલા સૂચનમાં વિશ્વાસ રાખે છે.

❖ **ભાવિ સંશોધન :**

- ગુજરાતી વ્યાકરણ માટે આ મુજબનું સંશોધન થઇ શકે.
- ગણિત, અંગ્રેજી, પર્યાવરણ, હિન્દી જેવા વિષયમાં અભ્યાસમાં નબળા વિદ્યાર્થીને તારવી તેમના માટે આ મુજબ સંશોધન થઇ શકે.

---



## વિષય : સ્વનિર્મિત સાધનો દ્વારા અધ્યયનની અસરકારકતા તપાસવી (ધો.૩ ના ગુ.મા.ના વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યની અસરકારકતા તપાસવી)

**રેશ્મા પટેલ**
(કૉમ્પ્યૂટર શિક્ષક.પ્રા.વિભાગ)

❖ **પ્રસ્તાવના :** શિક્ષણ એ સતત બદલાતી પ્રક્રિયા છે. પરંપરાગત પધ્ધતિઓમાં વિદ્યાર્થીઓને વિષય સમજવામાં મુશ્કેલીઓ આવે છે. સ્વનિર્મિત સાધનો દ્વારા અભ્યાસ – અધ્યયનને જીવંત, રસપ્રદ અને અસરકારક બનાવવું શકય બને છે.

પ્રકૃતિમાં રહેલા પર્ણો વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વનું શૈક્ષણિક સાધન બની રહે છે. પર્ણોની ઓળખ દ્વારા અભ્યાસ કરાવવાથી બાળકોમાં અવલોકન, વર્ગીકરણ, સર્જનાત્મકતા અને પ્રયોગશીલતા વિકસે છે.

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** વિદ્યાર્થીઓ જયારે નવા વિષયનાં શબ્દો શીખે છે ત્યારે માત્ર યાદ કરાવવાથી તે લાંબા સમય સુધી ટકતું નથી. સ્વનિર્મિત સાધનોનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે શબ્દો સાથે દૃશ્ય, સ્પર્શ અને અનુભવ જોડાતા હોવાથી શબ્દોની ઊંડાણ પૂર્વક સમજૂતી અને યાદ શકિત વિકસે છે.

❖ **વિષયની પસંદગી શા માટે કરી? કેવી રીતે ?** વિષયની પસંદગી કરવા વિદ્યાર્થીઓના સ્તર મુજબ તેમજ વિષયની સ્વ ભાવગત જરૂરીયાત મુજબ વિષયની પસંદગી કરવી જરૂરી છે.

૧. અસરકારક અભ્યાસ માટે :- બધા વિષયો માટે એકસરખા સાધનનો ઉપયોગ થતો નથી. વિષય પ્રમાણે સાધનો પણ અલગ હોઇ શકે છે.

૨. વિદ્યાર્થીની સમજ શકિત વધારવા માટે તેમજ અભયાસક્રમ રસપ્રદ બનાવવા માટે.

૩. દીર્ઘકાલીન સ્મૃતિ માટે:- વિષય અનુસાર બનાવેલા સાધનો વડે વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી યાદ રાખી શકેછે.

❖ **સંશોધન માટેના નમૂના :**

**અભ્યાસ પધ્ધતિઓ** : ચિત્રો વડે સમજાવવું, માઇન્ડ મેપ, ફલેશ કાર્ડ

**અનુસંધાન સાધનો** : પ્રશ્નાવલી, સર્વે ફોર્મ

**શૈક્ષણિક મોડયુલ** : માર્ગદર્શન, વર્કશીટ, PPT મોડયુલ

**ડિજિટલ સાધનો** : પાવર પોઇન્ટ, વિડીયો લેકચર્સ, મોબાઇલ એપ આધારિત ટૂલ્સ

❖ **સંશોધનની પદ્ધતિઓ :**

**૧. પ્રશ્નોતરી :** - વિદ્યાર્થીઓના અભિપ્રાય, સમજશકિત કે અભ્યાસ ટેવ જાણવા માટે
- MCQ, ખાલી જગ્યા વગેરે જેવા સ્વરૂપમાં

**૨. વિઝયુઅલ એઇડ્સ :** ચિત્રો, ચાર્ટ, માઇન્ડ મેપ, ફલો ચાર્ટ્સ

**૩. અનુકરણ/ નમૂનાની પધ્ધતિ :** કોઇ વિચાર, પ્રક્રિયા કે પ્રયોગનું જીવંત દર્શન

❖ **નમૂના :** ધોરણ ૩ ના બાળકોને પર્ણની ઓળખ કરાવી પર્ણપોથી બનાવવી.

